ટેક હોમ રેશન (**THR**) તથા ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન માટે તથા પૂર્ણા યોજના અંતર્ગત મંજૂર થયેલ ઘઉં **GCMMF** મારફત ઘઉંનો જથ્થો બજાર ભાવે ખરીદવાની મંજુરી આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/IMR/e-file/23/2022/0712/B (ICDS)**

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) ભારત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયનો પત્ર ક્ર: **F.No.5-9/2005/ ND/Tech(Vol-II)** તા.૨૪-૨-૨૦૦૯

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૨-૮-૨૦૧૭

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮/બ તા.૯-૮-૨૦૧૭

(૪) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૨૧/૫૪/બ તા.૧૫-૪-૨૦૨૧

(૫) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર:આઇસીડી/૧૧૨૦૧૩/૧૦૮૮(પાર્ટફાઇલ)/બ તા.૮-૩-૨૦૧૯

(૬) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: **WCDD/IMR/e-file/23/2022/0712/B (ICDS)** , તા: ૨૨-૦૭-૨૦૨૨

(૭) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: **WCDD/IMR/e-file/23/2022/0712/B (ICDS)** , તા: ૦૪-૧૦-૨૦૨૩

(૮) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ના પત્ર ક્ર: **ICDS/PWS/e-file/257/2022/4045/Nutrition** તા. ૨૯/૦૬/૨૦૨૪,

<u>પ્રસ્તાવના-</u>

ઉક્ત વંચાણે લીધા (૧)થી ભારત સરકારની માર્ગદર્શક સુચનાઓમાં આઇસીડીએસ યોજના અંતર્ગત પૂરક પોષણ અંગેના ધોરણોમાં સુધારો કરવામાં આવેલ છે. વંચાણે લીધા (૨) થી સંકલિત બાળ વિકાસ યોજના (**ICDS**) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (**THR**) તરીકે રો-રેશન પુરૂ પાડવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આપેલ છે. વંચાણે લીધા (૩) થી ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના માધ્યમથી જિલ્લા દુધ ઉત્પાદક સહકારી સંઘ મારફત ટેક હોમ રેશન (**THR**) પુરુ પાડવા માટેની કામગીરી સુપરત કરવામાં આવેલ છે, તથા વંચાણે લીધા (૩)ની શરત (૧૧) અનુસાર પ્રિમિક્સ (ટેક હોમ રેશન) ના ઉત્પાદન માટે ઘઉં રાજ્ય કક્ષાએથી પુરા પાડવાની જોગવાઇ કરવામાં આવી હતી. વંચાણે લીધા (૪) થી પૂર્ણા યોજના અંતર્ગત ૧૦૦% રાજ્ય સરકારના બર્ડન હેઠળ ઘઉંની ખરીદી માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૫) થી સંકલિત બાળ વિકાસ યોજના (**ICDS**) ના લાભાર્થીઓને ટેક હોમ રેશન (**THR**) તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન માટે ભારત સરકાર દ્વારા જરૂરિયાત મુજબ ઘઉંનો જથ્થો ન ફાળવવામાં આવે ત્યારે પુરક પોષણમાં વિક્ષેપ નિવારવા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ મારફત ઘઉંના પુરક જથ્થાની ખરીદી બજાર ભાવે કરવાની મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા (૬) થી ટેક હોમ રેશન (**THR**) તથા ફોર્ટીફાઇડ આટાનું ઉત્પાદન માટે ઘઉં ના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા ભારત સરકાર તરફથી વર્ષ ૨૦૨૨-૨૩ માં ઓછા મંજૂર કરેલ ઘઉં તેમજ પુર્ણા યોજના હેઠળ મંજૂર થયેલ ઘઉં વર્ષ ૨૦૨૨-૨૩ માટે **GCMMF** મારફત ડેરી યુનિયનને બજાર ભાવે ખરીદી કરવાની મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા (૭) થી વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રિમિક્સના ઉત્પાદન તેમજ ગરમ નાસ્તા માટે ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન માટે ઘઉંના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા પુર્ણા યોજના અંતર્ગત ૧૪૧૮૩.૧૧ મેટ્રીક ટન ઘઉં તેમજ ભારત સરકાર તરફથી ઓછા મંજુર કરેલ ૧૦૫૮૧ મેટ્રીક ટન ઘઉં, એમ કુલ ૨૪૭૬૪.૧૧ મેટ્રીક ટન ઘઉંની **GCMMF** મારફત ડેરી યુનિયનને ખરીદી કરવાની તથા ભવિષ્યમાં ભારત સરકારશ્રી દ્વારા ઘઉંનો જથ્થો જરૂરિયાત મુજબ ફાળવવામાં ન આવે અને ગુજરાત રાજ્ય અન્ન નાગરિક પુરવઠા નિગમ લી. તરફથી પણ બજારભાવે ઘઉં પૂરા પાડવામાં ન આવે ત્યારે ઘઉંના વિક્ષેપની પરિસ્થિતિ નિવારવા **GCMMF** મારફત ડેરી યુનિયનને બજારભાવે ઘઉંની ખરીદી કરવા મહિલા અને બાળ વિકાસ વિભાગની મંજુરી લેવાની રહેશે તેમ સરકારશ્રીની તથા નાણા વિભાગની મંજુરી આપેલ છે. વંચાણે લીધા (૮) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા ટેક હોમ રેશન (**THR**) તથા ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન માટે ઘઉંના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા ભારત સરકાર તરફથી ચાલુ વર્ષે ઓછા મંજૂર કરેલ ઘઉં તેમજ પુર્ણા યોજના હેઠળ મંજૂર થયેલ ઘઉં **GCMMF** મારફત ડેરી યુનિયનને બજાર ભાવે ખરીદી કરવાની દરખાસ્ત કરેલ છે.

//ઠરાવ//

ભારત સરકારની વખતોવખતની માર્ગદર્શક સુચનાઓને ધ્યાનમાં રાખી સંકલિત બાળ વિકાસ યોજના **(ICDS)** ના લાભાર્થીઓને ટેક હોમ રેશન **(THR)** તરીકે પુરૂ પાડવામાં આવનાર પ્રિમિક્સના ઉત્પાદન તેમજ ગરમ નાસ્તા માટે ફોર્ટીફાઇડ આટાના ઉત્પાદન માટે ઘઉંના વિક્ષેપની પરિસ્થિતી નિવારવા, વર્ષ ૨૦૨૪-૨૫માં અંદાજે ૧૦૭૦૦ મેટ્રીક ટન ઘઉં ઓછા મળવાની શક્યતા હોઈ ભારત સરકાર તરફથી ઓછા અથવા સમયસર ઘઉં ન ફાળવવામાં આવે તેવા કિસ્સામાં ૧૦૭૦૦ મેટ્રિક ટન ઘઉં **(HCM +** ટેક હોમ રેશન) અને પૂર્ણાના ૧૩૧૦૦.૩૨ મેટ્રિક ટન એમ કુલ ૨૩૮૦૦.૩૨ મેટ્રિક ટનની મર્યાદામાં વાર્ષિક જરૂરિયાત મુજબ **GCMMF** મારફત બજારભાવે ઘઉંની ખરીદી કરવા આથી મંજુરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) ઉક્ત ખરીદી નિયમાનુસાર પ્રક્રિયા અનુસરીને જ કરવાની રહેશે.

(૨) ઘઉંના આવેલ ભાવ ને સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે.

(૩) ભારત સરકાર પાસેથી જરૂરિયાત મુજબ ઘઉં ની ફાળવણી થાય તેવા તમામ પ્રયત્નો કરવાના રહેશે.

(૪) આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રીય મર્યાદામાંજ કરવાનું રહેશે.

(૫) આ વર્ષના વિશિષ્ટ કારણો ધ્યાને લેતા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમિટેડ**(GSCSC)** ના સ્થાને ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડેરેશન **(GCMMF)** દ્ધારા બજાર ભાવે ઘઉંની ખરીદીની મંજૂરી આ વર્ષ ૨૦૨૪-૨૫ પૂરતું જ આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.દેસાઈ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી,(મ.બા.ક.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા ને બાળ વિકાસની કચેરી, બ્લોક ૨૦, જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા ને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન. આણંદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ)
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: R K DESAI
Deputy Section Officer
Date: 2024.10.24
16:05:25 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign